વર્ષ–૨૦૧૬–૧૭માં આયોજન હેઠળ નવી બાબત તરીકે સ્ટેટ પોલીસ કમ્પ્લેઈન્ટ ઓથોરીટીની કચેરી માટે નાયબ સેકશન અધિકારીની નવી જગ્યા મંજૂર કરવા તથા મંજુર થયેલ જોગવાઈની વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક: એનપીસી/૧૦૨૦૧૫/૧૦૨૭૩/ડ
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૧૨/૦૪/૨૦૧૬

સંદર્ભ:–
પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગાંધીનગરનો તા.૨૪/૧૧/૨૦૧૫નો પત્ર ક્રમાંક: ઈ/૧૫૩૬/નવી સેવા/૨૦૧૬–૧૭/૨૮૩૬/૨૦૧૫.

**ઠરાવ. :–**

વાર્ષિક યોજના ૨૦૧૬–૧૭ હેઠળ સ્ટેટ પોલીસ કમ્પ્લેઈન્ટ ઓથોરીટી, ગાંધીનગરની કચેરી માટે ૦૧ (એક) નાયબ સેકશન અધિકારીની નવી જગ્યા મંજૂર કરવા તથા આ જગ્યા માટે ૨૦૧૬–૧૭ના વર્ષમાં રૂા. ૬,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા છ લાખ પુરા) ની જોગવાઈ કરવા સંદર્ભમાં દર્શાવેલ તારીખ: ૨૪/૧૧/૨૦૧૫ના પત્રથી દરખાસ્ત કરવામાં આવી હતી. આ દરખાસ્ત અન્વયે ગૃહ વિભાગના વર્ષ: ૨૦૧૬–૧૭ના અંદાજપત્રના પ્રકાશન નં. ૧૨ના પાન નંબર: ૨૬ ઉપર આયોજન હેઠળ નવી બાબત તરીકે મંજૂર કરવામાં આવેલ છે. પુખ્ત વિચારણાના અંતે સ્ટેટ પોલીસ કમ્પ્લેઈન્ટ ઓથોરીટીની કચેરી માટે નાયબ સેકશન અધિકારીની ૦૧ (એક) જગ્યા મંજૂર કરવા તથા આ જગ્યા માટે કરેલ રૂા. ૬,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા છ લાખ પુરા) ની જોગવાઈના ખર્ચ માટે નીચે દર્શાવેલ શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો–વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણ પાલન કરવાનું રહેશે.

(૭) વર્ગ–૩ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૪/૬/૨૦૦૯ના ઠરાવથી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે કરવાની રહેશે.

(૮) જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૦૯ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી ખાતાના વડાની રહેશે.

(૯) સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંકઃ નપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા)ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૧/૩/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૧૦) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે ખાતાના વડાએ જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૧) આ જગ્યા ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૨) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

(૧૩) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૪) આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાંકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો ખાતાના વડાએ જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદત પુરી થતા પહેલાંના એક માસ અગાઉ વિભાગ મારફતે નાણાંકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી લેવાની રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ સદરે ઉધારવાનો અને તે હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

| | |
|---|---|
| (૧) માંગણી ક્રમાંક | : ૪૩ |
| (૨) મુખ્ય સદર | : ૨૦૫૫-પોલીસ |
| (૩) પેટા મુખ્ય સદર | : ૦૦ |
| (૪) ગૌણ સદર | : ૦૦૧ નિર્દેશ અને વહીવટ |
| (૫) પેટા સદર | : ૦૩ સ્ટેટ પોલીસ કમ્પ્લેઈન્ટ ઓથોરીટીના વ્યવસ્થાપન અંગે |
| (૬) ખર્ચનો પ્રકાર | : આયોજન / મતપાત્ર |
| (૭) હેડ ચાર્જેબલ | : ૨૦૫૫ ૦૦ ૦૦૧ ૦૩ |
| (૮) પ્લાન યોજનાનો ૬ ડીઝીટ પ્લાન કોડ | : ૧૧૪૫૪૬ |

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૦૭/૦૪/૨૦૧૬ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.સી.પટેલ)
સેકશન અધિકારી,
ગૃહ વિભાગ.

પ્રતિ,

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર
- ચેરમેનશ્રી, સ્ટેટ પોલીસ કમ્પ્લેઈન્ટ ઓથોરીટી, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, (એ એન્ડ ઈ), ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- સ્થાનિક તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર
- નાણાંકિય સલાહકારશ્રી, (ગૃહ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર